**શરૂ કરુછું અલ્લાહના નામથી જે દયાળુ અને કૃપા કરનાર છે.**
**તેમનુ નામ અને તેમની આખરી હુજજત(અ.ત.ફ.સ.) ને યાદ કરીએ**
**આપણે ઈમામ મહેદી (અ.ત.ફ.સ.)વિષે વધુ જાણીએ**
**ક્વિઝ સ્પર્ધા હી. ૧૪૩૬ સીનીયરો (૧૫ વર્ષ થી વધું)**

---

**પુરૂ નામ : ______________________________ લીંગ : ________.**

**ટેલી / મોબાઈલઃ ____________________, આયું : _______,**

(અ) નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

૧. શા માટે ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) નું લકબ પણ 'અમીરૂલ ઉમરા' છે?

૨. ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) ના કોઈ પણ (૧૫) પંદર અલ્કાબ જણાવો?

૩. ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) અને કોઈપણ પાંચ અંબીયા સાથેની સમાનતા જણાવો?

૪. ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) થી મનસુબ હોય તેવી કોઈ પણ બે હદીસે કુદસી જણાવો?

૫. ઉમ્મે હાની (સ.અ.) ને સૂરે તકવીરની આયાત નંબર ૧૫ અને ૧૬ સમજાવતા ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ગયબતે ઈમામ મહેદીના બારા માં શુ કહયું?

૬. અબ્દુલ અઝીમ અલ હસની (ર.અ.) ના સવાલ પર ઈમામ જવાદ (અ.સ.) એ કાએમે આલે મોહમ્મદના બારા માં શું ફરમાવ્યું?

૭. હદીસમાં એ શખ્સના બારા માં શું કહેવામાં આવે છે જે બધા ઈમામો પર ઈમાન રાખે પરંતું ઈમામ મહેદી (અ.સ.) નો ઈન્કાર કરે?

૮. શેખ અબુ જાફર મોહમ્મદ બીન ઉસ્માન (ર.અ.) ને ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) થી શું જવાબ મળ્યો જયારે તેણે સુર્યોદય અને સુર્યાસ્ત ના નમાઝના સમયના બારામાં સવાલ કર્યો?

૯. કુરઆનની કઈ બે (૨) આયાતોમાં ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) ને અલ ફત્હ (الْفَتْحُ) નો લકબ મળેલો છે?

૧૦. અલ્લામા મજલીસી (ર.અ.) એ ઈમામ અલી અ.સ. થી એક રીવાયત નકલ કરી છે જેમા ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) નો કિસ્સો કહેલો છે, જેમા ઈમામ મહેદી એક દુઆ પઢે છે આ રીવાયતોની રોશનીમાં તે દુઆનું નામ જણાવો?

૧૧. કયા ઈમામે ગયબતમાં દુઆએ ગરીક પડવાની સલાહ આપી છે ? આ દુઆનો શું ફાયદો છે?

૧૨. દુઆએ માઅરેફ શુ છે? કયા ઈમામે ગયબતમાં આ દુઆ પઢવાનું શીખવાડયું છે?

૧૩. નીચે લખેલી હદીસ ઈમામ મહેદી (અ.ત.ફ.સ.)ના બારામાં કયા ઈમામે ફરમાવ્યું છે? એનો મતલબ શું છે?

صَاحِبُ هَذَا الْأَمْرِ الشَّرِيدُ الطَّرِيدُ الْفَرِيدُ الْوَحِيد

૧૪. રઝવા અને ઝી – તુવાના પહાડનું ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) સાથે શું સંબંધ છે? કઈ મશહુર દુઆમાં તેનો ઝિક્ર છે ?

૧૫. હદીસો અનુસાર આયતે નુરમાં ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) નો ઝિક્ર કયાં છે?

૧૬. હદીસના અનુસાર હઝરત ખીઝર (અ.સ.) ની લાંબી ઉમ્રનો ઈમામ મહેદી (અ.ત.ફ.સ) સાથે શુ સંબંધ છે?

૧૭. હદીસના અનુસાર નીચે લખેલી આયતનું ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) સાથે શું સંબંધ છે?

أَمَّنْ يُجِيبُ الْمُضْطَرَّ إِذَا دَعَاهُ وَ يَكْشِفُ السُّوءَ وَ يَجْعَلُكُمْ خُلَفَاءَ الْأَرْض

૧૮. ઈમામ મહેદી (અ.ત.ફ.સ) આપણા શીયાઓ માટે સામર્રાના સરદાબમાં શું દુઆ કરતા હતા? જ્યારે સય્યદ ઈબ્ને તાઉસ (ર.અ.) એ ઈમામને સાંભળતાં હતા અને ત્યારે તેમના ( સય્યદ ઈબ્ને તાઉસ ) દ્વારા લખાણ કરવામાં આવી હતી.

૧૯. ઈમામ મહેદી (અ.ત.ફ.સ.) એ શેખ મુફીદ (ર.અ.) ને લખેલી તૌકીમાં શીયાઓને મળવા માટે શું શરતો જણાવી છે?

૨૦. ઈમામે હસન અસ્કરી (અ.સ.) ના હદીસ પ્રમાણે કોણ લોગ હશે જેને ગયબતના ઝમાનામાં બચાવવામાં આવશે?

(બ) નીચે આપેલી કિતાબોના અંદર અઈમ્મા (અ.સ.) ની વિલાયતની ચર્ચા છે. તે કિતાબને તેમના લેખકના નામ સાથે મેળવો

| | |
|---|---|
| ૧. બસાએરૂત દરજાત | ૧. મોહમ્મદ બીન અલી ઈબ્ને બાબવય અલ કુમ્મી (ર.અ.) |
| ૨. અલ મહાસીન | ૨. મોહમ્મદ બીન મોહમ્મદ અલ મુફીદ (ર.અ.) |
| ૩. ફઝાએલુસ શીયા | ૩. મોહમ્મદ બીન હસન અલ સફાર અલ કુમ્મી (ર.અ.) |
| ૪. ખશાઈસુલ અઈમ્મા (અ.સ.) | ૪. મોહમ્મદ બીન હુસૈન શરીફ અલ રઝી (ર.અ.) |
| ૫. અલ ઈખ્તેસાસ | ૫. મોહમ્મદ બીન અબી અબ્દીલ્લાહ અલ બરકી (ર.અ.) |

(ક) નીચે આપેલા પ્રશ્નોના ખુલાસાવાર જવાબ આપો.

કોઈ એવા ૫ (પાંચ) ફાયદા જણાવો જે ઈમામની હાજરીથી આપણને મળે છે? આ ફાયદાઓ માટે આપણે ઈમામ નો આભાર કેવી રીતે કરવો જોઈએ?

**<u>ક્વિઝ સમાપ્ત</u>**

ઉપયોગી કિતાબો :
૧. ખુદાના વાયદા અનુસાર ઈમામ મહેદી (અ.ત.ફ.સ) ને મોકલવાના ( The Promised Mahdi (atfs) )(બેહારૂલ અનવાર વોલ્યુમ ૫૧ – ૫૩ અનુવાદ ઉર્દુમાં પણ
૨. કમાલુદ્દીન અંગ્રજીમા અને ઉર્દુ મા ઉપલબ્ધ
૩. નજમુસ સાકીબ (અંગ્રજીમા ઉપલબ્ધ)
ઉપયોગી વેબ સાઈટ
www.almuntazar.com, www.duas.org

## <u>આ પેપરના નીતી નીયમ :</u>

* સવાલ, જવાબ સાથે કવરમાં પેકીગ કરી ને પરત શબીહુલ હસન – ૯૩૨૧૨૩૭૫ , મોહસીન નકવી – ૯૬૭૧૮૬૩૩ ને આપવું.
* આ સામાન્ય રીતે ક્વિઝમાં ૧૫ વર્ષથી મોટા દરેક ભાઈઓ અને બહેનો જ ભાગ લઈ શકશે.
* દરેક ભાગ લેનારાઓ ને ભેટ આપવામાં આવશે. પરંતું આમારી નમ્ર અપીલ છે કે તમે સમય લઈ ને જવાબ શોધવાનો પ્રયત્ન કરવો જેથી ઈમામ મહેદી (અ.ત.ફ.સ.)ના બારામાં તમારા જ્ઞાનમાં વધારાો થાય,અને તમે પણ વધારે સવાલના સાચા જવાબો મેળવી શકો.
* પ્રથમ, દ્વુતીય, ત્રુતીય નંબર ને ખાસ ઈનામ આપવામાં આવશે ઈન્શાઅલ્લાહ.
* દરેક ભાગ લેનાર સહભાગીઓનો એક લકી ડ્રો પણ કરવામાં આવશે (ભાઈઓ અને બહેનોમા એક એક) જીતનારને ઝિયારતની ટીકીટ આપવામાં આવશે. અને જો તમારામાથી કોઈ પ્રશ્નોના સારા જવાબ પણ ના આપી શકે તો પણ પોતાની જવાબની પત્રીકા જમા કરવી ઝિયારતના ટીકીટ માટે લાયક બની જાય.
* જવાબ (કવર) આપવાનો છેલ્લો દિવસ ૧૫ શાબાનની રાત્રી ૧૪૩૬ હીજરી છે. આ પછી કવર સ્વીકરવામાં આવશે નહી.
* ૬ જૂન ૨૦૧૫ શનીવારના રોજ દરબારે માસૂમીનમા રાત્રે ૮.૦૦ વાગે જશ્ને નૂર નો કાર્યક્રમ રાખવામાં આવશે જેમા ઈનામ વિતરણ પણ કરવામાં આવશે અને લકી ડ્રો પણ કરવામા આવશે.
* ફકત એક કવર એક પાસેથી લેવામાં આવશે.
* મહેરબાની કરી આ પેપર નુ ધ્યાન રાખજો કેમકે એમા કુરાને કરીમની આયતો અને અઈમ્મે માસૂમીન ના નામ લખેલા છે.

**<u>તમારી સફળતા અમારી ઈચ્છા છે.</u>**